# ગાંધીનગર ખાતેની બોરીજ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનનો પ્રારંભ

**બોરીજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણમંત્રીએ મિષ્ઠાન પીરસીને મધ્યાહન ભોજન યોજના અંગેના પ્રતિભાવ જાણ્યા : ૩૧મી માર્ચથી રાજ્યની ૨૯ હજાર કરતા વધુ શાળાઓમાં મધ્યાહન ભોજનનો આરંભ થશે**

ગાંધીનગર, તા. ૨૯

મધ્યાહન ભોજનમાં અપાતું ભોજન એ માત્ર ભોજન નથી, પણ પ્રેમ-ભાવનો પ્રસાદ છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતેની બોરીજ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનનો પ્રારંભ કરાવતાં શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું.

માધ્યહન ભોજન થકી વિદ્યાર્થીઓમાં સમૂહ ભોજન સાથે સમૂહ ભાવ પેદા થાય છે, તેવું જણાવી શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે આજથી ગાંધીનગર સહિત રાજયના નવ શહેરી વિસ્તારમાં આ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. આજથી આરંભ થયેલ આ યોજના થકી ૨૮૦૦ થી વધુ શાળાઓના ૭ લાખ જેટલા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપવાનો આરંભ કરવામાં આવ્યો છે. તેમજ આગામી તા. ૩૧મી માર્ચ, ૨૦૨૨થી રાજયની ૨૯,૪૬૪ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ગરમ મધ્યાહન ભોજન આપવામનો આરંભ થશે.

તેમણે ઉમેર્યું હતું કે રાજય સરકાર દ્વારા પી.એમ.પોષણ યોજના અંતર્ગત વર્ષ- ૨૦૨૨-૨૩ માટે કુલ રૂપિયા ૧૦૭૧ કરોડથી વધુ રકમ મંજૂર કરવામાં આવી છે. તેમજ તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦થી કોરોના મહામારીના સમયમાં શાળાઓ બંધ હતી. તે સમયે બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સીસ હેઠળ બાળકોને ફૂડ ગ્રેઈન તથા કૂકિંગ કોસ્ટની ચુકવણી કરવામાં આવી છે. જેમાં ફૂડ ગ્રેઈન પેટે ૨ લાખ ૬૧ હજારથી વધુ મેટ્રિક ટન અનાજ તથા કૂકિંગ કોસ્ટ પેટે રૂપિયા ૧૩૫૦ કરોડથી વધુ રકમ વિદ્યાર્થીઓને આપવામાં આવી છે.

શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ સર્વે નાગરિકોને પોતાના પરિવારના સભ્યના જન્મ દિવસ, લગ્ન દિવસ, તિથિ કે અન્ય શુભ પ્રસંગે ગામની શાળાઓના બાળકોને યથાશક્તિ ફૂડ કે ભોજનમાં તિથિ ભોજન રૂપે સહભાગી થવાની અપીલ કરી હતી. તેમજ રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારના ૭૮ તાલુકામાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે શરૂ કરેલ દૂધ સંજીવની યોજના અને આદિવાસી પરિવારની શાળાએ જતી દીકરીઓને હાજરી ૭૦ ટકા થાય ત્યાર અનાજ આપવા આરંભ કરેલ અન્નસંગમ યોજનાની વાત કરી હતી.

આ પ્રસંગે અક્ષયપાત્રના સ્વામી રામદાસ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઇ પટેલ, મધ્યાહન ભોજન કમિશનર સતીષભાઇ પટેલ, મહાનગરપાલિકાના કમિશનર ધવલ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઇ ભટ્ટ સહિત અનેક મહાનુભાવો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાઈ ગયો તેનો બે દિવસીય દસમો ''સતરંગ યુથ ફેસ્ટિવલ : ૨૦૨૨''







ગણપતવિદ્યાનગર, તા. ૨૯

દેશના યુવાનોનાં ઉમંગ ઉત્સાહ અને કલાત્મક અભિગમને, એમની સર્જનાત્મક સૂઝને બિરદાવવા અને અભિવ્યક્તિની મોકળાશ, તકો આપવા અનેક પ્રકારે યુવા-મેળાઓ અને મહોત્સવો ઉજવાતા હોય છે. આવા જ એક પ્રયાસરૂપે ગણપત યુનિવર્સિટીના આંગણે ગઈ ૨૫મી અને ૨૬મી માર્ચ દરમિયાન બે દિવસીય ''સતરંગ યુથફેસ્ટિવલ-૨૦૨૨''નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીની ૧૪ વિવિધ કોલેજો અને ૨ શાળાઓના મળીને ૬૦૦ થી વધારે વિદ્યાર્થીઓ-કલાકારો વચ્ચે ૧૫ જેટલી વિવિધ કલા-સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન થયું હતું. દરેક સ્પર્ધામાં ૧લો, બીજો અને ત્રીજો એવો ક્રમ આપીને વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

આ સ્પર્ધાઓમાં લિટરેચર, મ્યુઝીક, ડાન્સ, ડ્રામા અને ફાઈન-આર્ટસની વિવિધ સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. ફોક ડાન્સમાં કોળી ગીત, રાસ ગરબા અને ઢોલ ગીતોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

૨૫મી તારીખે સવારે દસ વાગ્યે યુનિ.ના દસમા ''સતરંગ યુથફેસ્ટિવલ''નો પ્રારંભ તેની ઈનોગ્યુરલ પરેડ દ્વારા થયો હતો જેમાં વિવિધ કોલેજના વિદ્યાર્થી-કલાકારોએ કલાત્મક ટેબ્લો બનાવી મહેમાન મહાનુભાવો સમક્ષ પરેડના સ્વરૂપમાં રજુ કર્યા હતા.

પરેડના પ્રારંભના સ્થળે એક મંચ ઉપર ઉપસ્થિત અતિથિ વિશેષ રીટાબેન ગણપતભાઈ પટેલ, યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, મુકેશ પટેલ, ટ્રસ્ટી જયંતીભાઈ પટેલ, આનંદભાઈ પટેલ, વિશેષ મહેમાન તરીકે હાજર રહેલા કલાકારો-સંગીતકાર જયકર ભોજક, સુખ્યાત ગાયિકા સંતવાણી ત્રિવેદી, યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. રાકેશ પટેલ, પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, ડૉ. સત્યેન પરીખ, ડૉ. અમિત પરીખ, ડૉ. કિરણ અમીન અને કે.પી. પટેલ તેમજ યુથ ફેસ્ટિવલના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી સ્પોર્ટસ અને કલ્ચર ઓફિસર કમલેશ પટેલ સહિત અનેક મહાનુભાવોએ ફૂગ્ગાના ઝુંડના ઝૂંડ ઉડાડી યુથ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો ત્યારે આકાશ રંગબેરંગીન ફુગ્ગાઓથી આચ્છાદિત થઈ ગયું અને સતરંગી યુવા ઉત્સવના ઉમંગ-ઉત્સાહથી વાતાવરણ આનંદિત થઈ ગયું હતું.



## સંકુલ-સાદરામાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરાઈ

ગૂજરાત વિદ્યાપીઠ-સાદરામાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડૉ. ધ્વનિલ પારેખ દ્વારા ૩૬૦ વિદ્યાર્થીઓ સાથે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરાઈ જેમાં વિશ્વ રંગભૂમિ દિવસ શા માટે ? ભરતમુનિએ પાંચમા વેદ તરીકે નાટ્યશાસ્ત્રની રચના કરી. ભારતના વિવિધ પ્રાન્તોમાં લોકનાટ્ય, નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની સ્થાપના અને આધુનિક ભારતીય રંગભૂમિનો ઉદ્ભવ, જૂની ગુજરાતી રંગભૂમિનાં ગીતો જૂની રંગ ભૂમિના અવનવા કિસ્સાઓ વિશે રસપ્રદ શૈલીમાં વાતો કરી. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના આયોજન મુજબે પ્રોગ્રામ ઓફિસર મોતી દેવુએ કાર્યક્રમની શરૂઆત કરાવી અને વિદ્યાર્થી પ્રતિનિધિ કિશનભાઈએ આભારવિધિ કરી હતી.

# રાજકોટમાં વનરક્ષકની પરીક્ષાનું પેપર લીક થયાનો ગંભીર આક્ષેપ

**પરીક્ષાનું પ્રશ્નપત્ર તૂટેલું નીકળ્યું અને પેકેટમાં ૩ ઈંચનો કાપો હતો અને ઉપર ટેપ મારી દેવામાં આવી હોવાનો આક્ષેપ**

રાજકોટ, તા. ૨૯

મહેસાણાના ઊંઝા તાલુકાના ઉનાવા ખાતે વનરક્ષકની પરીક્ષામાં ગેરરીતિનો મામલો સામે આવ્યા બાદ હવે ઘટનાના ત્રીજા દિવસે રાજકોટમાં પણ ઉમેદવારો દ્વારા વનરક્ષકનું પેપર લીક થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર એક મહિલા ઉમેદવારે આક્ષેપ કરતા કહ્યું કે, પરીક્ષાનું પ્રશ્નપત્ર તૂટેલું નીકળ્યું અને પેકેટમાં ૩ ઈંચનો કાપો હતો અને ઉપર ટેપ મારી દેવામાં આવી હતી. આ મામલે રાજ્ય સરકારના પ્રવક્તા અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણી મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું કે, ઘટનાના ૩ દિવસે આ પ્રકારની વાત કરનારા લોકોને પૂછવા માંગુ છું કે, પહેલા દિવસે શું છછુંદર ગળી ગયા હતા?

જીતુ વાઘાણી મીડિયાને જણાવ્યું કે, કલેક્ટર, ડીએસ અને ત્યાં વહીવટી અધિકારીઓની હાજરીમાં પેપર સીલ ખુલે છે. રાજકોટમાં પણ એ રીતે જ ખૂલ્યું છે. ઘટનાના ૩ દિવસ પછી આ પ્રકારની વાત કરનારા લોકોને પૂછવા માંગુ છું કે, પહેલા દિવસે તમને શું સાંપ ગળી ગયા હતા કે તમે શું ઝેર પી ગયા હતા. એ લોકોને હું કહેવા માંગુ છું કે, સંવેદનાથી કામ કરીએ છીએ. તમે તો હાથ પકડીને નોકરી આપી દેતા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઉપક્રમે રાજ્યકક્ષાની અંડર-૧૪ વિવિધ સ્પર્ધા યોજાઈ










ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનરશ્રીની કચેરી અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા હાલમાં જ રાજ્યકક્ષાની અંડર-૧૪ - ચિત્ર, ગીત, વક્તૃત્વ અને નૃત્ય-સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ગુજરાતના ખૂણે-ખૂણેથી ૧૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ દરેક સ્પર્ધામાં ત્રણ-ત્રણ મળીને કુલ ૧૨ વિદ્યાર્થી વિજેતા બન્યા. મોટી સંખ્યામાં ઉમટેલા વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોની હાજરીમાં ગાંધીનગરમાં વનચેતના કેન્દ્રના મુખ્ય હોલમાં આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, નાયબ શિક્ષણ નિયામક મહેશભાઈ મહેતા, રાજ્ય રમત-ગમત પરિષદના સચિવ બળદેવભાઈ દેસાઈ, જાણીતા લોકગાયિકા દિવ્યાબહેન ચૌધરી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ, સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ અને ફેમિલી ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડૉ. રાકેશ પટેલ, વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ વગેરે ઉપસ્થિત રહ્યા. આ તકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે બાળકોને પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક પૂરતાં સીમિત ના રાખતાં, મેદાન અને મંચ પર લાવવા આહવાન કર્યું. પોતાના બીજ વક્તવ્યમાં મહેશભાઈ મહેતાએ કહ્યું કે બાળકોમાં ભીતર રહેલી શક્તિઓ બહાર લાવવાનો પ્રયત્ન વિદ્યાર્થીકાળમાંથી જ થવો જોઈએ. બળદેવભાઈ દેસાઈએ પણ જીવન જીવવા માટે કેટલીક કલાઓ મહત્ત્વની છે અને ગીત-સંગીત, નૃત્ય, ચિત્ર અને વક્તૃત્વ તેમાં મુખ્ય છે તેમ જણાવ્યું. ઉદ્ઘાટન સત્ર પછી ચારેય સ્પર્ધાઓ સ્પર્ધાઓ શરૂ થઈ. જેમાં ચિત્રમાં ૩૯, ગીતમાં ૩૮, નૃત્યમાં ૩૯ અને વક્તૃત્વમાં ૩૭ મળીને કુલ ૧૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ચારેય સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ આવનાર વિદ્યાર્થીને રૂપિયા ૧૧,૦૦૦, દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનારને રૂ. ૭,૫૦૦ અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને રૂ. ૫૦૦૦ પુરસ્કારરૂપે આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમના કોઓર્ડિનેટર અને કો-કો-ઓર્ડિનેટર વિદ્યાનિકેતન વિભાગના મદદનીશ અધ્યાપકો ડૉ. શિલ્પાબહેન વાળા અને ડૉ. પાર્થવીબહેન ડામોર રહ્યાં.

# ૩૪ વર્ષીય હર્ષા સોલંકીએ બોર્ડની પરીક્ષા આપી : કોરોનામાં પતિએ જીવ ગુમાવ્યો

**કોરોનામાં મૃત્યુ પામેલા પતિની પોસ્ટ વિભાગની નોકરી મેળવવા માટે હર્ષા આ પરીક્ષા આપી રહ્યા છે**

અમદાવાદ,તા.૨૯

હર્ષા સોલંકી, એક એવા માતા જેમને આપણે સુપરમોમ કહી શકીએ. તે પોતાના ૧૨ અને ૬ વર્ષની ઉંમર ધરાવતા બાળકોનું ધ્યાન રાખે છે, ઘરના કામકાજ સંભાળે છે અને સાથે જ ધોરણ ૧૦ની પરીક્ષાની તૈયારી પણ કરે છે. કામની સાથે સાથે તે પ્રશ્નોના ઉત્તર પણ યાદ કરતા રહે છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે મે મહિનામાં ૩૪ વર્ષીય હર્ષાના પતિનું કોરોનાને કારણે અવસાન થયું. પોતાના પતિના સ્થાને પોસ્ટ વિભાગમાં નોકરી મળે તે માટે હર્ષા ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ધંધુકામાં રહેતા હર્ષાએ વર્ષ ૨૦૦૫માં ધોરણ ૯ની પરીક્ષા આપી હતી. તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૦૮માં મારા લગ્ન મેહુલ સાથે થઈ ગયા. તેમને પોસ્ટ વિભાગમાં નોકરી મળી હતી અને લગ્ન પછી મને ક્યારેય એવો વિચાર ન આવ્યો કે મારે આગળ ભણવાની જરૂર છે. અમારું જીવન સારી રીતે ચાલી રહ્યુ હતું. અમે લોકો ખુશ હતા, પરંતુ ગયા વર્ષે મેહુલના નિધનને કારણે તેનો અંત આવી ગયો. હર્ષા સોલંકીના પતિનું કોરોનાને કારણે અવસાન થયું અને તેમનો પરિવાર પણ નાણાંકીય રીતે મદદ કરી શકે તેવો સદ્ધર નથી. હર્ષા જણાવે છે કે, જ્યારે મેં પોસ્ટ વિભાગમાં મારા પતિના સ્થાને મને નોકરી આપવા બાબતે પૂછપરછ કરી તો મને જાણવા મળ્યું કે આ નોકરી માટે ઓછામાં ઓછું ધોરણ ૧૦માં પાસ હોવું જરૂરી છે. તો પછી મેં નક્કી કર્યું કે હું પરીક્ષા આપીશ જેથી મારા બાળકોને સારું ભવિષ્ય આપી શકું. જોધપુરમાં હર્ષા સોલંકીની પરીક્ષાનું કેન્દ્ર છે. તેઓ આ પરીક્ષામાં પાસ થવા માંગે છે. તે જણાવે છે કે, હું ઈચ્છુ છું કે કોઈ પણ પ્રકારે આ પરીક્ષા પાસ કરી શકું જેથી મને નોકરી મળી જાય. નોંધનીય છે કે હર્ષા એકમાત્ર એવા કેન્ડિડેટ નથી છે મોટી ઉંમરે પરીક્ષા આપી રહ્યા છે. ધંધુકામાં રહેતા ગ્રામ રક્ષક દળના જવાન રસીલા દુધેરિજા પણ તેમના દીકરા રાધેશ્યામની સાથે પરીક્ષા આપી રહ્યા છે. ૩૩ વર્ષીય રસીલા અમદાવાદમાં એક્ટર્નલ તરીકે પરીક્ષા આપી રહ્યા છે જ્યારે રાધેશ્યામ રેગ્યુલર વિદ્યાર્થી તરીકે ધંધુકામાં પરીક્ષા આપી રહ્યો છે. રસિલા જણાવે છે કે, મેં ૧૫ વર્ષ પછી પરીક્ષા આપવાનો નિર્ણય લીધો. મારા દીકરાએ મને પ્રોત્સાહન આપ્યું. અમે એકબીજાને પ્રોત્સાહન આપીએ છીએ. પરીક્ષા આપીશ તો મને પોલીસ વિભાગમાં કાયમી નોકરી મળી શકે છે.

# DFCCના નવા ટ્રેક પર પહેલીવાર મહેસાણાના ભાંડુથી પાલનપુર સુધીનું ટ્રાયલ થયું



ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના નવા ટ્રેક પર પહેલીવાર મહેસાણાના ભાંડુથી પાલનપુર સુધીનું ટ્રાયલ થયું છે. કામ કરનાર એજન્સી એલશ્ટી કંપનીના ડબ્બાઓ વાળી ટ્રેન અહીં સોમવારે સવારે ચલાવાઈ હતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, લોડિંગ ટ્રેનના સ્ટાફે જણાવ્યું હતું કે ,આજે સવારે મહેસાણાના ભાંડુથી નીકળી ન્યુ પાલનપુર કરજોડા જઈ રહ્યા છીએ આજે નવા ટ્રેકની મજબૂતાઈ પણ ચકાસવામાં આવી રહી છે જેને લઈ પ્રથમ વારજ ટ્રેક પર લોડિંગ વગરના ડબાઓ ફેરવવામાં આવ્યા છે.

# સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે યોજાનારી ATVC ૨૦૨૨ ચેમ્પિયનશિપના પોસ્ટરનું અનાવરણ મુખ્યમંત્રીએ કર્યું



ગાંધીનગર, તા. ૨૯

સીએમ ભૂપેન્દ્ર પટેલે અરવલ્લી ટેરેન વ્હીકલ (છ્ફ) ચેમ્પિયનશિપ ૨૦૨૨ ના પોસ્ટરનું અનાવરણ કર્યું, જે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની ઓલ-ટેરેન વ્હીકલ ડિઝાઈનિંગ અને રેસિંગ ઈવેન્ટ છે. તા. ૨૩મી મે થી ૨૭મી મે, ૨૦૨૨ સુધી આયોજીત થનારી ૫-દિવસની ઈવેન્ટ છે, જેમાં ફ્યુચર ઓફ સસ્ટેનેબલ કોક્લેવ ૧.૦, ફેસ્ટિવલ ઓફ વર્ક માસ્ટર્સ મીટ ટેલેન્ટ ૨.૦, જોબ ફેર, કદમ ૧.૦, સ્ટાર્ટ-અપ લીગ ૧.૦, ફૂડોલોજી, ઈ-વ્હીકલ લર્નિંગ ફેસ્ટિવલ ૧.૦, સેલિબ્રિટી નાઈટ અને પેઈન્ટિંગ સ્પર્ધા જેવી ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. એન્જિનિયરિંગ, ડિપ્લોમા અને ઓટોમેશન એન્જિનિયરિંગ સંબંધિત કૉલેજ ક્લબના વિદ્યાર્થીઓ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. ૧૦૦ ટીમો અને ૨૫૦૦ થી વધુ સહભાગીઓની ભાગીદારી સાથે જોબ ફેર અને એચઆર સમિટ માટે ૧૦૦ કંપનીઓ જોડાશે તેવી અપેક્ષા છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી વિદ્યાર્થીના વધુ સારા ભવિષ્ય માટે ઈમર્સિવ લર્નિંગ ફિલસૂફીને અપનાવે છે. બે દાયકાથી વધુ સમયથી પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા, સ્વર્ણિમ એન્જિનિયરિંગ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલ, કોમ્પ્યુટર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ઓટોમોબાઈલ, સિવિલ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન અને એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ જેવા અભ્યાસક્રમો પર અભ્યાસ કરાવે છે.

## મધ્યસ્થી કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ દેશ તેમના પ્રયત્નોનું સમર્થન કરી રહ્યા છે તો તેમણે કહ્યું કે મને એવી આશા છે. ભારત આ મામલે અત્યાર સુધી ખુબ જ તટસ્થ પ્રતિક્રિયા આપતું આવ્યું છે. જેનું કારણ છે રશિયા સાથેના તેના જૂના સંબંધ. ભારતે આ મુદ્દા વિશે સંયુક્ત રાષ્ટ્રમાં થયેલા મતદાનમાં પણ ભાગ લીધો નહતો. જો કે ભારત શાંતિના રસ્તે સમાધાન કાઢવાની વાત પર ભાર મૂકી રહ્યું છે. નોંધનીય છે કે બંને પક્ષો વચ્ચે આજે તુર્કીમાં એક વધુ બેઠક થવાની છે. જેમાં શાંતિ બહાલ કરવા માટે વાતચીત થશે.

## નૌ સેનામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસે પી-૮૧ મલ્ટી રોલ લોંગ રેન્જ મેરીટાઈમ રિકૉગ્નિસેંસ અને એન્ટી સબમરીન વોરફેર (એલઆરએમઆરએએસડબલ્યુ) વિમાન છે. તે અમેરિકાની બોઈંગ કંપની દ્વારા બનાવવામાં આવી છે. આ વિમાનમાં બે એન્જિન છે. આ વિમાન આકાશમાંથી દરિયાઈ જહાજો અને સબમરીન પર હુમલો કરવામાં સક્ષણ હોય છે.ગોવાના દબોલિમમાં મંગળવારે આઈએનએસ હંસામાં સામેલ થયેલી આ સ્ક્વોડ્રનમાં ચાર વિમાન તૈનાત કરાશે. જેના દ્વારા નૌસેનાને આકાશ દ્વારા સમુદ્રી સીમા ક્ષેત્રની નજરમાં મદદ મળશે.

## ૪૦ ટકા વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોટીસ પણ ઝડપથી આપવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં પાણી વિતરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે આ સંદર્ભે તંત્ર દ્વારા પ્રતિવર્ષ નજીવો વેરો પણ વસુલવામાં આવે છે. આમછતા વેરા વસુલાત ચુકવવામાં નિરસતા સેવતા જોડાણકર્તાઓ સામે પણ નોટીસ આપવા સહીત કડક ઉઘરાણી કરવા માટે પણ પગલા લેવાશે. શહેરના સેકટરો ઉપરાંત આસપાસના ગ્રામજનો પણ વેરો ચુકવવામાં ઉદાસીનતા સેવી રહ્યા હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે તંત્રના ચોપડે વેરા વસુલાત ક્ષેત્રે જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. ત્યારે વેરા વસુલાત ઝુંબેશમાં વળતર માટે હજુ બે દિવસ બાકી છે જેનો લાભ લેવા પણ તંત્રએ અપીલ કરી છે.

## ગરમીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કુલરો ઓન થઈ ગયા છે. ત્યારે આગામી દિવસોમાં ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બને તેવી સંભાવના છે. હવામાન નિષ્ણાંતોના મતે આગામી એપ્રિલ મહીનામાં ગરમીનુ જોર વધશે આમ પણ ચૈત્ર મહીનામાં આકાશમાંથી અગ્નજવાળ વરસતી હોય છે. ત્યારે આગામી દિવસોમાં ઉનાળો વધુ આકરો બનશે.

# ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે ૧૨ થી ૧૪ વર્ષ ના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું

ભારત સરકાર ની માર્ગદર્શીકા મૂજબ રાજ્યભર માં ૧૨ થી ૧૪ વર્ષ ના બાળકો નું કોવિડ-૧૯ નું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું જેમાં હાલ વિવિધ જગ્યાએ રસીકરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે આવેલ નવોદય વિદ્યાલય ખાતે ૧૨ થી ૧૪ વર્ષ ના બાળકો નું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં નવોદય ના ૨૨૪ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું અરવલ્લી જિલ્લા કલેક્ટર ડો.નરેન્દ્રકુમાર મીણા ના માર્ગદર્શન હેઠળ તથા ધનસુરા નવોદય વિદ્યાલય ના પ્રિન્સિપાલ પ્રવિંદ ક્રિષ્નન ની દેખરેખ માં નવોદય ખાતે યોજાયેલ રસીકરણ માં ૧૨ થી ૧૪ વર્ષ ના ૨૨૪ વિદ્યાર્થીઓ નું રસીકરણ કરવામાં આવ્યું હતું.જેમાં બાળકો એ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને બાળકોને રસી નો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.હાઈસ્કૂલ, પ્રાથમિક શાળાઓ સહિત વિવિધ જગ્યાએ આરોગ્યતંત્ર દ્વારા રસીકરણ નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે હવે નવોદય વિદ્યાલય ના વિદ્યાર્થીઓ નું પણ રસીકરણ કરવામાં આવ્યું હતું બાળકો ને પ્રથમ ડોઝ આપ્યા બાદ હવે ૨૮ દિવસ પછી બીજો ડોઝ આપવામાં આવશે. જેમાં ઉત્સાહ પૂર્વક બાળકોએ ભાગ લીધો હતો.